# સેક્ટર-૧૬માં આમ આદમી પાર્ટીના કાર્યાલયનો પ્રારંભ

## એકત્ર થયેલા કાર્યકરોની સંખ્યા જોતા કહી શકાય કે ભાજપ અને કોંગ્રેસને ટક્કર આપવા હવે 'આપ' પણ મેદાનમાં છે



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર તા ૧૫

લોકસભા ચુંટણીને લઈ ગાંધીનગર શહેર માં રાજકીય પાર્ટીઓ વચ્ચે -ચાર -સાર ધીમે ધીમે ધમાસાન બની રહયું છે. રાજકીય આગેવાનો નેતાઓ સહીત કાર્યકરો ચુંટણી કામગીરીમાં લાગી ગયા છે ત્યારે ભાજપ કોંગેસ ની સાથે સાથે આમ આદમી પાર્ટી એ પણ જોમ અને જુસ્સા સાથે -ચાર જંગ માં ઝંપલાવ્યું છે કોંગેસ ભાજપ બાદ આમ આદમી પાર્ટી એ પણ આજે ગાંધીનગર ના સેક્ટર ૧૬ માં પોતાની પાર્ટી નું મધ્યસ્થ કાર્યાલય ખુલ્લું મુકયું છે જેમાં મોટી સંખ્યા માં કાર્યકરો અને આગેવાનો જોડાયા હતા .કાર્યાલય ના ઉદઘાટન સમયે એકત્ર થયેલી કાર્યકરો ની સંખ્યા જોતા ચોક્કસપણે કહી શકાય કે ભાજપ અને કોંગ્રેસ ને ટક્કર આપવા આપ પાર્ટી પણ તૈયાર થઇ ગઈ છે.

ગાંધીનગર લોકસભા બેઠક જીતવા મુખ્ય ત્રણેય રાજકીય પાર્ટી એ પોતાના ઉમેદવારો ચુંટણી જંગ માં ઉતારી દીધા છે ચુંટણી જીતવા તમામ પાર્ટીઓ એડી ચોટી નું જોર લગાવી રહીયા છે ક્યાંક રોડ શો તો ક્યાંક પદયાત્રા કરી ઉમેદવારો મતદારોને પોતાની તરફ ખેચવા -યાસ કરી રહીયા છે ત્યારે આમ આદમી પાર્ટી પણ મેદાન માં આવી ગઈ છે આજે આમ આદમી પાર્ટી એ ગાંધીનગર ના સેક્ટર ૧૬ માં આવેલા પાટનગર યોજના ભવન ખાતે પાર્ટી ના મધ્યસ્થ ચુંટણી કાર્યાલય નો -રંભ કર્યો છે સવારે ૧૧ કલાકે દિનેશભાઈ ચાવડાના હસ્તે કાર્યાલય ને ખુલ્લું મુકવામાં આવ્યું હતું કાર્યાલય ના ઉદઘાટન -સંગે કાર્યકરો ને તન મન ધન થી ઘરે ઘરે જઈ આમ આદમી પાર્ટી નો -ચાર કરવા આહવાન કર્યું હતું આ કાર્યક્રમ માં આમ આદમી પાર્ટી ના સભ્ય અને પૂર્વ પોલીસ અધિકારી આર .બી શ્રીકુમાર , -ભારી દિનેશસિંહ ચાવડા , ગાંધીનગર ના હસમુખ ભાઈ પટેલ કિશનભાઈ સોલંકી .સહીત કાર્યકરો અને નેતાઓ મોટી સંખ્યા માં હાજર રહ્યા હતા.

# સિવિલના ફીઝીશીયન ઓ.પી.ડી.માં આગ લાગતા અફડાતફડી

## સર્વન્ટને બોલાવવા ડોક્ટરે ઓફીસ બેલની સ્વીચ દબાવી રાખતા ભડકો થયો, આખા વિભાગમાં દર્દીઓએ બૂમાબૂમ સાથે નાસભાગ કરી મુકી

ગાંધીનગર, તા-૧૫

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ માં આજે સવારે ઓ.પી.ડી વિભાગ માં દર્દીઓ ની ભારે લાંબી કતારો હતી ત્યારે અચાનક ઓ.પી.ડી નંબર.૭ ફીઝીશિયન સેક્શન માં ભડકા સાથે આગ લગતા ડોક્ટરો બહાર દોડી આવ્યા હતા. આગ... આગ.... ની બુમો સાંભળીને ડોક્ટરો સહીત દર્દીઓમાં પણ નાસભાગ મચી જવા પામી હતી.સિવિલ ના ઓ.પી.ડી વિભાગ માં ભારે અફડાતફડી નો માહોલ સર્જાઈ ગયો હતો.જો કે આગ ખુબ જ સામાન્ય હોવાનું જાણવા મળતા અડધા કલાક માં વાતાવરણ શાંત બની ગયું હતું. સર્વન્ટને બોલાવવા ડોક્ટરે ઓફીસ બેલ ની સ્વીચ દબાવી રાખતા તેમાંથી ભડકો થયો હોવાનું જાણવા મળ્યું હતું.

સિવિલ હોસ્પિટલ ગાંધીનગર ખાતે ઓ.પી.ડી વિભાગ આજે દર્દીઓ થી છલકાઈ રહ્યું હતું ત્યારે સવારે ફીઝીશીયન ની ઓ.પી.ડી રૂમ નં.૭ માં બેઠેલા ડોક્ટરે સર્વન્ટ ને બોલાવવા માટે ઓફીસ બેલ વગાડ્યો હતો. બે-ત્રણ વાર બેલ મારવા છતાં કોઈ સર્વન્ટ હાજર ન થતા ડોક્ટર અકળાઈ ગયા હતા.કોઈ સર્વન્ટ કે વોર્ડ બોય ત્યાં હતું જ નહિ એટલે તેમને બેલ સંભળાય તે માટે કોલિંગ બેલ ની સ્વીચ ડોક્ટરે સતત દબાવી રાખી હતી.બેલ માં શોર્ટસર્કિટ થઈ જતા અચાનક તેમાં ધડાકો થયો અને આગ લાગી ગઈ હતી.ઓ.પી.ડી માં બેસેલા બધા ડોક્ટર અને કેબીન માં હાજર દર્દીઓ આગ..આગ..ની બુમો સાથે બહાર દોડી આવતા બહાર બીજી ઓ.પી.ડી માં લાઈન માં ઉભેલા દર્દીઓ માં પણ બુમાબુમ સાથે નાસભાગ મચી જવા પામી હતી.જો કે આગ સામાન્ય હોવાનું જાણવા મળતા અડધા કલાક માં ઓ.પી.ડી ફરી શરુ કરી દેવામાં આવી હતી.

# ચુંટણીમાં નાગરિક અધિકારનું રક્ષણ કરવા જાગૃત નાગરિક પરિષદની અપીલ

ગાંધીનગર, તા.૧૫

લોકસભાની ચુંટણીને અનુલક્ષી મતદાનની તારીખ હવે નજીકમાં છે ત્યારે ચુંટણી દરમિયાન રાજકીય પક્ષની નહીં પરંતુ ઉમેદવારની ઓળખ કરી અચૂક મતદાન કરવા શહેર જાગૃત નાગરિક પરિષદે નગરજનોને અપીલ કરી છે. ચુંટણીમાં નાગરિક અધિકારનું રક્ષણ કરવા નાગરિકોને વિવિધ ૭ મુદાઓ ધ્યાને રાખવા પણ જણાવાયું છે.

શહેર જાગૃત નાગરિક પરિષદના મહામંત્રી નિરંજન ઓઝાએ જણાવ્યા મુજબ લોકસભાની ચૂંટણીના બ્યૂગલ વાગી ચુકયા છે સમગ્ર દેશમાં આક્રોશ અને અકળામણ સાથે અપેક્ષાઓનો ઘોડાપુર ઉમટયો છે તેવા અત્યંત ગંભીર અને સંવેદનશીલ માહોલમાં નાગરિકો મૂઠી ઉંચેરા માનવ તરીકેની અપેક્ષા રાખે તે સ્વાભાવિક છે. જ્ઞાતિવાદ, વેરઝેર, ગુનાખોરી અને ભ્રષ્ટાચારથી ખદબદતા ગંદા રાજકારણે સમાજજીવનને દુખદાયક માહોલમાં કણસતું કરી દીધું છે. આમ જનતાની ધીરજ ખૂટી ગઈ છે. આવા સંજોગોમાં નિષ્ઠાવાન પ્રામાણિક અને સેવાભાવી પ્રતિનિધિઓને ચુંટવાનું અનિવાર્ય બન્યું છે. જાગૃત નાગરિક પરિષદ દ્વારા આ માટે નાગરિકોને ઉમેદવારોને ઓળખી ફરજિયાત મતદાન કરી નાગરિક અધિકારનું રક્ષણ કરવા અપીલ કરવામાં આવી છે. આ માટે પરિષદે વિવિધ સાત મુદ્દાઓને ધ્યાને રાખવા પણ જણાવ્યું છે. જેમાં રાજકીય પક્ષની નહીં પરંતુ ઉમેદવારને ઓળખી મતદાન કરવા, ઉમેદવાર મત માંગવા આવે ત્યારે તેની સેવાઓનો હિસાબ માંગવા, પ્રલોભન-લાંચ, જ્ઞાતિવાદ, સગાવાદ કે ડર રાખ્યા વિના ઉમેદવાર પસંદ કરવો. પ્રજા માટે વફાદારીની ખાત્રી મેળવવા, ચુંટણી બાદ પણ મત વિસ્તારમાં કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના વફાદારીથી સેવાઓ બજાવે તેવી ખાત્રી ઉમેદવારો પાસેથી મેળવવી. આ ઉપરાંત સમાજ જીવનને આદર્શ અને સમૃધ્ધ બનાવે તેવા ઉમેદવારો પસંદ કરવા પણ પરિષદે નાગરિકોને અપીલ કરી છે.

**રાજકીય પક્ષ નહીં પરંતુ ઉમેદવારની સાચી ઓળખ કરીને અચૂક મતદાન કરવા અનુરોધ**

# ચૈત્રી પૂનમ હોવાથી ભાજપે આજે ડોર ટુ ડોર પ્રચારમાં બ્રેક મારી

## હનુમાન જયંતિ હોવાથી કાર્યકર્તાઓ પણ ધાર્મિક કાર્યક્રમોમાં વ્યસ્ત

ગાંધીનગર, તા.૧૫

લોકસભાની ચુંટણીને અનુલક્ષી ભાજપ અને કોંગ્રેસ પક્ષ દ્વારા સેકટરોમાં ડોર ટુ ડોર પ્રચાર ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. પરંતુ ભાજપની આ પ્રચાર ઝુંબેશને આજે બ્રેક વાગી ગઈ હતી. મોટી પૂનમ હોવાના લીધે પક્ષના કાર્યકર્તાઓ પરિવારજનો સાથે ધાર્મિક કાર્યક્રમમાં વ્યસ્ત હોવાથી આજ પૂરતો ચુંટણી પ્રચારને વિરામ આપવામાં આવ્યો હતો.

ચુંટણી પડઘમ વાગતા પ્રચાર ઝુંબેશમાં પણ ધીમે ધીમે ગતિ આવી ગઈ છે. ઉનાળાની ગરમીના દિવસો આકરા બન્યા છે આવા સંજોગોમાં પ્રચાર ઝુંબેશનો ટેમ્પ્રામેન્ટ જાળવી રાખવાનું રાજકીય પક્ષો માટે થોડું મુશ્કેલ બન્યું છે. ભાજપ દ્વારા ગઈ કાલે સે-૭ અને ૮માં શેરીઓમાં ચુંટણી પ્રચાર હાથ ધરવામાં આવ્યો હતો. સેકટરોમાં ડોર ટુ ડોર તેમજ શોપિંગ સહીત જાહેર સ્થળોએ પક્ષનો પ્રચાર કરી મતદારોને ઢંઢોળવાનો પ્રયાસ કરતા ભાજપના આગેવાનો અને કાર્યકર્તાઓ ઉત્સાહમાં જોવા મળ્યા હતા. જો કે આજે મોટી પૂનમના દિવસ હનુમાન જયંતિના પવિત્ર પર્વને લઈ ભાજપે શહેરમાં પ્રચાર ઝુંબેશની ગતિવિધિઓને બ્રેક લગાવી દીધી હતી. શહેર ભાજપના પ્રમુખ નીતિન પટેલે આ અંગે જણાવ્યું હતું કે પૂનમના લીધે કાર્યકર્તાઓ દર્શનમાં જતા હોવાથી ડોર ટુ ડોર પ્રચાર ઝુંબેશ આજે બંધ રાખવામાં આવી હતી. પરિવારજનો સાથે ધાર્મિક કાર્યક્રમમાં વ્યસ્ત હોવાથી આજ પૂરતો સેકટરોમાં ચૂંટણી પ્રચારને વિરામ અપાયો હતો.

# ગાંધીનગર બેઠકની ચૂંટણી કામગીરી અંગે ઝીણવટભરી સમીક્ષા બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૧૫

લોકસભા સામાન્ય ચૂંટણી અંતર્ગત ૬- ગાંધીનગર સંસદીય મતદાર વિભાગ અંતર્ગત થયેલ કામગીરીની સમીક્ષા બેઠક જનરલ ઓબ્ર્ઝવર શ્રી વિનોદ અજમેરાની ઉપસથિતિમાં યોજાઇ હતી. આ બેઠકમાં જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પી.સ્વરૂપ અને બન્ને ખર્ચ નિયંત્રણ નિરીક્ષકશ્રીઓ પણ ઉપસથિત રહયાં હતા.

બેઠકના આરંભે જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપ દ્વારા અત્યાર સુધીમાં થયેલ ચૂંટણીલક્ષી કામગીરીની વિગતોનું -ઝેન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું.ગાંધીનગર સંસદીય મતદાર વિભાગમાં સમાવિષ્ટ ગાંધીનગર(ઉ), કલોલ, સાણંદ, વેજલપુર, ઘાટલોડિયા, સાબરમતી અને નારણપુરા વિધાનસભા મતવિસ્તારના મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ તથા પોલીસ અધિકારીશ્રીઓ દ્વારા તેમના વિસ્તારમાં થયેલ કામગીરી વિગતો રજૂ કરવામાં આવી હતી. જનરલ ઓબ્ર્ઝવર શ્રી વિનોદ અજમેરા દ્વારા ગાંધીનગર સંસદીય વિસ્તારમાં લોકસભાની સામાન્ય ચૂંટણી મુક્ત, ન્યાયી અને નિષ્પક્ષ રીતે યોજાય તે જોવા સર્વ મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓને સૂચના આપી હતી. તે ઉપરાંત તમામ વિધાનસભા મતદાર વિભાગમાં પુરૂષ અને સ્ત્રી મળી કુલ કેટલા મતદારો છે, મતદાર સહાયતા કેન્દ્રો, તમામ મતદારોને ફોટો વોટર સ્લીપ સરળતાથી મળી રહી તેવી સુવ્યસથિત આયોજન કરવા માટે સર્વે મદદનીશ ચૂંટણી અધિકારીઓને જણાવ્યું હતું. તેમના વિસ્તારમાં મતદારો માટે અને ચૂંટણી સંબંધિત જાણકારી અને ફરિયાદ માટે ઉભા કરવામાં આવેલ હેલ્પ લાઈન નંબર જેવા કે રાજય કક્ષાનો ૧૯૫૦, ગાંધીનગર સંસદીય મતદાર વિભાગનો ૦૭૯- ૨૩૨ ૫૧૨૪૩ અને આચારસંહિતાને લગતી ફરિયાદ માટેના કંટ્રોલ રૂમનો ટેલીફોન નંબર ૧૮૦૦- ૨૩૩૧૦૩૧ની -ચાર--સાર કરવા માટે પણ ખાસ ભાર પૂર્વક જણાવ્યું હતું. રેલી, સભા અને સરઘસ માટે આવેલ અરજીઓનો સિંગલ વિન્ડો સિસ્ટમ થકી ૨૪ કલાકના સમયમાં નિકાલ થાય તેની ખાસ તકેદારી રાખવા જણાવ્યું હતું.

વધુમાં તેમણે ગાંધીનગર જિલ્લામાં કાર્યરત ફ્લાઈંગ સ્કવોર્ડ, વિડિયો સર્વેલન્સ ટીમ, સ્ટેટિક સર્વેલન્સ ટીમ દ્વારા કરવામાં આવેલા કામગીરીની આંકડાકીય વિગતો મેળવી હતી. તે ઉપરાંત પોસ્ટલ

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં હનુમાન જયંતિની હર્ષોલ્લાસ અને ભક્તિભાવપૂર્ણ ઉજવણી કરાઈ







## ઠેર ઠેર સુંદરકાંડ, હનુમાન ચાલીસા અને હોમ-હવન-યજ્ઞો કરાયા : મંદિરોમાં દર્શનાર્થે ભક્તોના ઘોડાપૂર ઉમટયા

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરમાં આજે ચૈત્રિ પૂનમે હનુમાન જયંતિ નિમિત્તે શહેરના મંદિરોમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. જેમાં હનુમાન સાઠિકા, હનુમાન ચાલીસા, સુંદરકાંડના પાઠ, છપ્પન ભોગ અને અન્નકૂટ અને વડવાન સ્ત્રોત ઉપરાંત હોમ-હવન-યજ્ઞનો પણ સમાવેશ થાય છે. વહેલી સવારથી લઈને મોડી સાંજ સુધી ચાલેલા આ ધાર્મિક ઉત્સવ અને ભજન સંકિર્તનમાં ભાવિક શ્રધ્ધાળુ નગરજનોએ હર્ષોલ્લાસથી ભાગ લીધો હતો.

આજે શહેરના વિખ્યાત પંચદેવ મંદિરે ગુજરાતમાં પ્રથમવાર હનુમાન સાઠિકાના પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. અહીં બપોરે યજ્ઞ કરાયો હતો અને રાત્રે ૯-૦૦ વાગે હનુમાન ચાલીસા અને સુંદરકાંડના પાઠ પણ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત સે-૨૪માં આવેલ બાબા સીતારામની મઢુલીમાં પણ હનુમાન ચાલીસાના પાઠ અને સંગીતમય સુંદરકાંડનું આયોજન કરાયું હતું.

સેકટર-૭માં યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ૧૦૮ હનુમાન ચાલીસાના પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ સેકટર-૨-એમાં આવેલ બાલા હનુમાનજી મંદિરે કાન્તભાઈ યોગીની વ્યાસ પીઠે સંગીતમય સુંદરકાંડ યોજવામાં આવ્યા હતા. સેકટર-૭માં આવેલ રામજી મંદિર સહિત શહેરના તમામ મંદિરોમાં હનુમાન જયંતિની ધામધૂમપૂર્વક ઉજવણી કરાઈ હતી.

ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારો જેવા કે વાવોલ, પેથાપુર, કોલવડા અને કુડાસણ ખાતે પણ હનુમાન જયંતિ નિમિત્તે આયોજનો કરાયા હતા. વાવોલની શાલીન-૪ સોસાયટીમાં સાંજે યોજાયેલા સંગીતમય સુંદરકાંડના પાઠમાં આસપાસની તમામ સોસાયટીના ભાવિક ભકતોએ શ્રધ્ધાથી ભાગ લીધો હતો. નગરમાં ઠેર ઠેર હોમ-હવન-યજ્ઞ કરાયા હતા અને ભકતોએ મોટી સંખ્યામાં મંદિરોમાં દર્શનાર્થે ભીડ જમાવી હતી.

# ગાંધીનગરમાં ૧૭મીથી ચૂંટણી સંબંધિત પ્રદર્શન

ગાંધીનગર, તા.૧૫

ભારતીય ચૂંટણી પંચ તથા ભારત સરકારના માહિતી અને -સારણ મંત્રાલયના ક્ષેત્રીય -દર્શન કાર્યાલય, અમદાવાદ દ્વારા લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૧૪ના સંદર્ભે નાગરિકોમાં મતદાન અંગેની જાગૃતિ કેળવાય તેવા ઉમદા આશયથી ચૂંટણી સંબંધિત રસ-દ માહિતી અને તસ્વીર -દર્શનનું આયોજન જિલ્લા સેવા સદનના જનસેવા કેન્દ્ર ખાતે કરવામાં આવ્યું છે. મતદાન જાગૃતિ અર્થે યોજાયેલ -દર્શનને તા. ૧૭મી એ-િલના રોજ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર શ્રી પી.સ્વરૂપના હસ્તે સવારના ૧૦.૩૦ કલાકે ખુલ્લુ મુકવામાં આવનાર છે. -દર્શનના ઉદ્દઘાટન -સંગે અતિથિ વિશેષ તરીકે નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી ધર્મેશ પટેલ ઉપસ્થિત રહેશે.


**વોક-ઈન-ઈન્ટરવ્યુ**

ગાંધીનગર નેટવર્ક ઓફ પીપલ લીવીંગ વીથ એચ.આઈ.વી. એઈડ્સ (ગાંધી એનપી+)માં ચાલતા વિહાન પ્રોજેક્ટ અંતર્ગત ચાલતા કેર એન્ડ સપોર્ટ સેન્ટરમાં નીચે મુજબની જગ્યા ખાલી પડેલ છે.

| ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા | લાયકાત | પગાર |
|---|---|---|---|---|
| ૧ | કોમ્યુનિટી કાઉન્સેલર | ૧ | ૧૨ પાસ HIV પોઝીટીવ | ૫૫૦૦ |
| ૨ | ઓ.આર. ડબલ્યુ (ઈઉ) | ૧ | ૧૨ પાસ HIV પોઝીટીવ | ૫૫૦૦ |
| ૩. | એકાઉન્ટન્ટ | ૧ | બી.કોમ. ટેલીના જાણકાર | ૫૫૦૦ |

ઈન્ટરવ્યુ સમય : સવારે ૧૦-૩૦ થી ૧૨-૩૦ કલાકે
તારીખ : ૨૧-૪-૨૦૧૪, સોમવારે
સ્થળ : પ્લોટ નં. ૮૭૮/૧, સેક્ટર-૬/બી, ગાંધીનગર.
મો. ૯૫૭૪૩૬૦૦૧૧ Email : gandhinagar_gsnpplus@yahoo.co.in

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500™
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com